## પોતાના બિઝનેસ કારોબારને ફેલાવવા તૈયારી

# ૧૫૦૦૦ કરોડના આઈપીઓ લાવવા માટે કંપનીઓ સુસજ્જ

નવી દિલ્હી,તા. ૧૭

દેશના આઈપીઓ બજારમાં આ વખતે જોરદાર તેજી રહેવાના સંકેત મળી રહ્યા છે. જેથી આઈપીઓમાં રસ ધરાવતા લોકોના ચહેરા પર ખુશીનુ મોજુ ફેલાઈ ગયુ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ દેશમાં મોટી સંખ્યામાં કંપનીઓ આ વખતે આઈપીઓ લાવવા માટે તૈયાર છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ૧૫૦૦૦ કરોડથી વધુના આઈપીઓ લાવવા માટે કંપનીઓ કમર કસી ચુકી છે.

## દેશની મોટા ભાગની કંપની કામકાજી મુડી જરૂરિયાતને પહોંચી વળવા અને લોનની ફેરચુકવણી કરવા તૈયાર છે

તેમના વેપાર કારોબારને વધારે ફેલાવવા, કામકાજી મુડી જરૂરીયાતોને પહોંચી વળવા અને લોનની ફેરચુકવણી કરવા માટે કંપનીઓ આઈપીઓ લાવવા માટે તૈયાર છે. જાણકાર નિષ્ણાંતો માની રહ્યા છે કે અનેક મહાકાય કંપનીઓ યોગ્ય માહોલની રાહ જોઈ રહી છે. આગામી મહિનાઓમાં જે કંપનીઓ આઈપીઓ લાવવા માટે તૈયારીમાં છે તેમાં ઉજ્જીવન ફાયનાન્સિયલ સર્વિસ, ક્વેસ કોર્પ, હિન્દુજા લેલેન્ડ, સિવેઝ શિપિંગનો સમાવેશ થાય છે. હાલમાં ૨૫ જેટલી કંપનીઓ આશરે ૧૨૫૦૦ કરોડ ઉભા કરવાની યોજના ધરાવે છે. આ કંપનીઓ માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયાને પાસેથી મંજુરી મેળવી ચુકી છે. પ્રાઈમ ડેટાબેઝ મેનેજિંગ ડિરેક્ટર પ્રણવ હલ્દે દ્વારા જણાવવામાં આવ્યુ છે કે અન્ય કંપનીઓ પણ આઈપીઓ સાથે મેદાનમાં આવી શકે છે.

અન્ય છ કંપનીઓ ૩૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવા માટે કેપિટલ માર્કેટ વોચડોગ સમક્ષ પોતાના ડ્રાફ્ટ દસ્તાવેજો રજૂ કરી ચુકી છે. અંતિમ મંજુરીની રાહ જોવામાં આવી રહી છે. નજીકના ભવિષ્યમાં અન્ય કંપનીઓ પણ મેદાનમાં આવી શકે છે. નિષ્ણાંતોના કહેવા મુજબ આઈપીઓ માર્કેટમાં જોરદાર તેજી રહી શકે છે. આઈપીઓ માં મારફતે ઉભા કરવામાં આવતા નાણાંનો ઉપયોગ કંપનીઓ તેમની જરૂરીયાતોને પૂર્ણ કરવા અને લોનની ફેર ચુકવણી કરવા માટે કરે છે. આ વર્ષે કેટલીક કંપનીઓ આઈપીઓ સાથે બજારમાં આવનાર છે. નિષ્ણાંતો કહે ચે કે આકર્ષક કિંમતમાં આઈપીઓ રોકાણકારો તરફથી જોરદાર પ્રતિસાદ મેળવી શકે છે.